ગાંધીનગર સમાચાર


Regd. No. GNR/65-G0

# શહેરમાં ગગનભેદી વિજકડાકા સાથે તોફાની વરસાદ

**મોડી સાંજે કાળા ડીબાંગ વાદળો ગોરંભાયા : મેઘરાજાના તોફાની આગમનથી સેક્ટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા : ધોધમાર વરસાદથી વાતાવરણમાં ઠંડક : સાંજે ૬ થી ૮ દરમિયાન ૩૨ મી.મી. વરસાદ : આક્રમક વિજળીના કડાકાથી સેક્ટરવાસીઓ ભયભીત**







ગાંધીનગર, તા. ૨૮

શહેરમાં દિવસના આકરા ઉકળાટ બાદ મોડી સાંજે ગગનભેદી વિજકડાકા અને વાદળગર્જના વચ્ચે ધોધમાર વરસાદ તુટી પડ્યો હતો. વિજ ચમકારા અને વિજકડાકાથી ગાજતા આકાશથી સેક્ટરવાસીઓ ભયભીત થઈ ગયા હતા. સાંજે ૬ થી ૮ દરમિયાન શહેરમાં ૩૨ મી.મી. એટલે કે સવા ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. ધોધમાર વરસતા વરસાદથી સેક્ટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. ચોમાસાના પ્રારંભે વરસાદના તોફાની મિજાજથી જનજીવન પ્રભાવિત થયું હતું. કાન ફાડી નાંખે તેવા વિજકડાકાથી સેક્ટરવાસીઓએ ઘરોમાં વિવિધ ઉપકરણોનો ઉપયોગ કરવાનું પણ ટાળ્યું હતું. મોડી સાંજે અચાનક ગોરંભાયેલા કાળા ડીબાંગ વાદળો મનમુકીને વરસી પડતા શહેરના મુખ્યમાર્ગો અને આંતરિક વિસ્તારોમાં વરસાદી પાણી ઉભરાયા હતા. દિવસના ઉકળાટ બાદ મેઘરાજાની તોફાની બેટીંગથી શહેરમાં અનોખી ઠંડક પ્રસરી હતી.

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી આકાશમાં વરસાદી વાદળોની અવરજવર જોવા મળે છે. જયારે અસહ્ય ઉકળાટ વચ્ચે વરસાદી વાદળો મનમુકીને વરસતા ન હોવાથી નગરજનો પણ છેલ્લા ઘણાં સમયથી બફારાથી બેચેની અનુભવી રહ્યા છે. ગઈકાલે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસ્યા હતા જેના લીધે વાતાવરણમાં ઉકળાટ યથાવત રહ્યો હતો જયારે આજે પણ સવારથી આકાશમાં વાદળો ગોરંભાયેલા જોવા મળ્યો હતા પરંતુ વાદળિયા વાતાવરણ વચ્ચે પણ નગરજનોએ આકરો ઉકળાટ અનુભવ્યો હતો. જયારે મોડી સાંજે અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. દિવસના ઉકળાટ બાદ મોડી સાંજે આકાશ કાળા ડીબાંગ વરસાદી વાદળોથી ઉભરાતુ નજરે પડયુ હતુ થોડી જ વારમાં વિજ કડાકા અને વિજ ચમકારા વચ્ચે વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. ધોધમાર વરસાદથી સેકટરો વરસાદી પાણીમાં ધમરોળાયા હતા. મોડી સાંજે ધમધોકાર વરસાદ વરસતા પલવારમાં જ શહેરમાં ઠેર ઠેર પાણી પાણી થઈ ગયુ હતુ. ઝાપટાથી સેકટરોમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા જયારે નગરના મુખ્યમાર્ગો ઉપર પણ નિચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો થયો હતો. જયારે વરસાદી વાયરાના લીધે વાતાવરણમાં પણ ઠંડક પ્રવર્તી હતી. છેલ્લા ઘણાં સમયથી વાતાવરણમાં આકરો બફારો અનુભવાય છે. જયારે બિપરજોય વાવાઝોડાના અંતે બફારનુ જોર વધતા નગરજનો વરસાદના વધામણાં કરવા માટે રોજબરોજ નભ તરફ નજર માંડતા નજરે પડતા હતા. વાદળિયા વાતાવરણ વચ્ચે ઉકળાટથી ત્રસ્ત નગરજનો વરસાદની વાટે હતા આખરે સાંજના સમયે ભારે વરસાદના ઝાપટાથી શહેરમાં ભીંજારા વચ્ચે ચોમાસાની મોસમ નિખરી હતી.

ધોધમાર વરસાદની મજા માંણવા સેકટરવાસીઓ પણ ઘરની બહાર નિકળી ગયા હતા. સેકટરવાસીઓએ વરસાદમાં ભીંજાવાની મજા માંણી હતી. છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા વાદળિયા વાતાવરણ વચ્ચે વધતા ઉકળાટ સાથે મેઘરાજા રોજબરોજ હાથતાળી આપી જતા હતા આકાશમાં ગોરંભાયેલા વાદળો વરસ્યા વિના જ વિખેરાઈ જતા આકરા ઉકળાટથી પ્રભાવિત નગરજનો પણ તોબા પોકારી ગયા હતા. ગરમીનો પારો નીચે ઉતર્યા બાદ પણ વાતાવરણમાં પરસેવે નિતરતી ગરમીએ સૌ ને મુંઝારાનો અનુભવ કરાવ્યો હતો. જેના અંતે મોડી સાંજે વરસાદનુ આગમન થતા નગરજનોએ ઉકળાટમાં રાહત અનુભવી હતી. જયારે બુધવારની મોડી સાંજે ધોધમાર વરસાદથી મોસમના પ્રથમ વરસાદની નગરજનોએ મજા માંણી હતી.







## ગાંધીનગર તાલુકામાં સાંજે ૬ થી ૮ના ગાળામાં સવા ઈંચ વરસાદ નોંધાયો

**દહેગામ-માણસામાં પણ હળવા વરસાદી ઝાપટા નોંધાયા : ગાંધીનગરમાં ગાજવીજ સાથે નોંધાયેલો વરસાદ : ઠેર ઠેર પાણી ભરાયા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર તાલુકામાં આજે સાંજે ૬ થી ૮ દરમ્યાન ગાજવીજ સાથે સવા ઈંચ જેટલો વરસાદ નોંધાતા ગાંધીનગર શહેર સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં આજે પણ હળવાથી મધ્યમ વરસાદ ગાજવીજ સાથે નોંધાયો છે. ૧લી જુલાઈ સુધી જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ રહેશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે.

જિલ્લામાં આજે દિવસ દરમ્યાન માણસા તાલુકામાં બપોરના ૧૨ થી ૨ દરમ્યાન ૩ મી.મી. વરસાદ નોંધાયો હતો. આ સાથે આજે રાત્રે ૮ વાગ્યા સુધીમાં માણસા તાલુકામાં ૧૧૪ મી.મી. વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકામાં આજે સાંજે ૬ થી ૮ દરમ્યાન ભારે ગાજવીજ સાથે સવા ઈંચ અર્થાત ૩૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. બે કલાકમાં જ સવા ઈંચ વરસાદ નોંધાતા ગાંધીનગર શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પાણી ભરાઈ રહેવાની ઘટનાઓ સામે આવી હતી.

સાંજે ૬ થી ૮ દરમ્યાન દહેગામ તાલુકામાં પણ ૩ મી.મી. વરસાદ નોંધાયો છે.

આજે સાંજે વિજળીના કડાકા-ભડાકા સાથે થયેલ ગાજવીજને લઈ શહેરમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી હતી. તંત્ર દ્વારા ક્યાંય વીજળી પડી છે કે નહિ તે અંગેના અહેવાલો મેળવવાના પ્રયાસો કરાયા હતા. જો કે મોડી રાત સુધી આવી કોઈ ઘટના ધ્યાને નહિ આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થશે તેવુ હવામાન પૂર્વાનુમાન છે. વરસાદ છુટો છવાયો પણ થવાનુ પૂર્વાનુમાન છે. જિલ્લામાં આ વખતે ચોમાસુ સમયસર આવ્યુ હોવાથી ખેડૂતોમાં પણ ખરીફ વાવેતર માટે સારો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## નવા સેકટરોમાં આજથી રાબેતા મુજબ પાણીનો સપ્લાય અપાશે

**સરિતા ખાતે અન્ડર ગ્રાઉન્ડ સંપને નવા શુધ્ધિકરણ પ્લાન્ટ સાથે જોડાણ આપવાની કામગીરી પુર્ણ : જો કે હજુ નવો પ્લાન્ટ શરૂ કરાયો નથી : બુધવારે સપ્લાયમાં ૫૦ ટકા કાપના લીધે રહીશોને હાલાકી વેઠવી પડી**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં એકબાજુ ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવા માટે સેકટરોમાં ઠેર ઠેર નવી લાઈન નાંખવા ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. પરંતુ આ પ્રોજેકટને પુર્ણ થતા હજુ સમય લાગે તેમ છે. ત્યારે ગરમીના દિવસોથી હાલ ચોમાસાના પ્રારંભે પણ સેકટરોમાં સતત પાણીની પોકાર ઉઠતી રહે છે. આ સ્થિતિ વચ્ચે શહેરના ચરેડી અને સરિતા પમ્પીંગ સ્ટેશનમાં પણ નતનવી કામગીરી હાથ ધરવામાં આવે છે. સરિતા પમ્પીંગ સ્ટેશનને અનુલક્ષી અન્ડર ગ્રાઉન્ડ સંપને નવા શુધ્ધિકરણ પ્લાન્ટ સાથે જોડાણ આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના લીધે આજે શહેરના નવા સેકટરોમાં સપ્લાય કરવામાં આવતા પુરવઠામાં ૫૦ ટકા કાપ મુકાયો હતો. જો કે આ કામગીરીના અંતે હવે ગુરુવારથી રાબેતા મુજબ સપ્લાય આપવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે.

ગાંધીનગરમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પણ પાણીની સમસ્યા સ્થાનિકોમાં કકળાટનુ કારણ બની હતી પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાટનગર યોજના ભવનને પુરતો સપ્લાય ન આપવામાં આવતા શહેરના નવા સેકટરોમાં વારંવાર પાણીની પોકાર ઉઠતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો હતો શહેરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે ૨૪ કલાક પાણી પુરવઠાના સપ્લાય આપવા નવી લાઈન નાંખવાની કામગીરી પણ ચાલી રહી છે. ત્યારે પાણીની સમસ્યાના નિરાકરણ માટે શુધ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા વધારવાનુ પણ અનિવાર્ય બન્યુ છે. જયારે આ સ્થિતિ વચ્ચે શહેરમાં સપ્લાય માટે ઉપયોગમાં લેવાતા ચરેડી અને સરિતા પમ્પીંગ સ્ટેશન ખાતે નવા શુધ્ધિકરણ પ્લાન્ટ તૈયાર કરવા માટે પણ લાંબા સમયથી કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે સરિતા પમ્પીંગ સ્ટેશન ખાતે નવો પ્લાન્ટ તૈયાર કરી દેવાયો છે. જેને અનુલક્ષી આજે તંત્ર દ્વારા આ ઠેકાણે અન્ડર ગ્રાઉન્ડ સંપ તેમજ શુધ્ધિકરણ પ્લાન્ટને જોડાણ આપવા માટે કામગીરી હાથ ધરાઈ હતી. જયારે આ કામગીરીના લીધે શહેરના નવા સેકટરોમાં પાણી પુરવઠો પ્રભાવિત થયો હતો. શહેરના નવા સેકટરોમાં આમ પણ જરૂરિયાત સામે પુરતો સપ્લાય આપવામાં ન આવતો હોવાની ફરિયાદો સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. અલબત્ત નવા ૧ થી ૧૪ સેકટરોમાં પ્રતિદિન અંદાજિત ૩૦ એમ એલ ડી પાણી પુરવઠાની અનિવાર્યતા છે ત્યારે આડા દિવસોમાં પણ સવારના

● અનુસંધાન પાન-૭ પર

## જુના સચિવાલયમાં લીફટ મુકવા માટે કામગીરી શરૂ

**નવી ચાર લીફટ મુકવાની કામગીરી અન્વયે એક લીફટ વેલ તૈયાર અન્ય ત્રણ જગ્યાએ પણ લીફટ મુકવા ટુંકમાં કામગીરી હાથ ધરાશે**

ગાંધીનગર તા ૨૮

જુના સચિવાલયમાં એકબાજુ નવા બ્લોક બાંધવા માટે પણ યોજના તૈયાર કરવામાં આવી છે જયારે દાયકાઓ જુના સચિલવાય સંકુલમાં પાર્કીંગ સહીતના અનેક મુદ્દે મુલાકાતીઓ દુવિધાઓ અનુભવી રહ્યા છે. ત્યારે સચિવાલયમાં આવતા મુલાકાતીઓને અનુલક્ષી નવી ચાર લીફટ મુકવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. નવી લીફટ નાંખવા માટે હાલ લીફટ વેલ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જયારે હાલ એક લીફટવેલ તૈયાર હોવાથી લીફટ મુકવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે.

ગાંધીનગરમાં જુના સચિવાલયમાં રોજબરોજ આવતા મુલાકાતીઓની સંખ્યા વિશેષ હોય છે. રાજયના વહીવટી દોરી સંચાર માટે જુના સચિવાલયમાં સ્થિત અનેકવિધ વિભાગની જુદી જુદી કચેરીઓમાં હજારો કર્મચારીઓ પણ ફરજ નિભાવે છે. જયારે રોજબરોજ કામ અર્થે બહારગામથી આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ જોવા મળે છે. પરંતુ દાયકાઓ જુના જુના સચિવાલયના વિવિધ બ્લોકમાં પર્યાપ્ત સુવિધાઓનો અભાવ છે. અલબત્ત સચિવાલય સંકુલ હાલ પાર્કીંગની પર્યાપ્ત સુવિધાના અભાવથી પણ ઘેરાયલુ છે. જેના લીધે રોજબરોજ વિવિધ બ્લોક પાસે આડેધડ વાહનો ખડકાય છે. જેના લીધે મુલાકાતીઓ પણ મુંઝવણ અનુભવે છે. એકબાજુ શહેરમાં સ્થિત વિવિધ સરકારી કચેરીઓને પણ રીનોવેશનના અંતે કોર્પોરેટ લુક આપવામાં આવી રહ્યો છે. જયારે અન્ય કચેરીઓના અદ્યતન બિલ્ડીંગ પણ બાંધવામાં આવ્યા છે. આવા સંજોગોમાં વર્ષો જુના જુના સચિવાલયના દરેક બ્લોકમોં લીફટની પણ સુવિધા નથી. જેના લીધે બહારથી કે શહેરમાંથી આવતા સિનિયર સિટીઝન્સ કે વિકલાંગ વ્યકિતઓએ મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. આ સ્થિતિ નિવારવા માટે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી જુના સચિવાલયના વિવિધ ચાર બ્લોકમાં લીફટ મુકવા માટે આયોજન

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં ક્રેડિટ-ડિપોઝીટ રેસિયામાં નોંધાયેલો ઘટાડો

**આજે બેંક કન્સલટેટીવ કમિટીમાં છવાયેલો રહ્યો : ધિરાણ ન આપવાના ખાનગી બેંકોના અભિગમથી કલેક્ટર નારાજ**

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લામાં ક્રેડીટ-ડિપોઝીટ રેસિયામાં ૧.૯૧ ટકાનો ઘટાડો કૃષિક્ષેત્રે ઘટેલા ધિરાણના કારણે જોવા મળ્યો છે.

જિલ્લા બેંકર્સ કન્સલટેટીવ કમિટીની આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં વિતેલા નાણાંકીય વર્ષ દરમ્યાન ક્રેડીટ ડિપોઝીટ રેસિયામાં ૧.૯૧ ટકાના નોંધાયેલા ઘટાડાને લઈ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

ખાનગી બેંકો જેટલો ડિપોઝીટ્સમાં રસ ધરાવે છે તેની સામે ધિરાણ ઓછુ કરતી હોવાની હકીકતને લઈ જિલ્લા કલેક્ટર કોયાએ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

જિલ્લામાં ડિપોઝીટના પ્રમાણમાં ધિરાણમાં ઘટાડો જોવા મળ્યો છે. ગત વર્ષની તુલનામાં આ ઘટાડો ઘણો મોટો છે. આ બાબતે બેંકો પોતાના ધિરાણ અભિગમનમાં



બદલાવ લાવે તે જરૂરી હોવાનુ કલેક્ટરે જણાવ્યુ હતુ.

ખાસ કરીને ગરીબોના ઉત્થાન માટેની વિવિધ યોજનાઓમાં બેંકો ધિરાણના અભિગમમાં નકારાત્મક વલણ ધરાવે છે તે દુઃખદ હોવાનું કલેક્ટરે જણાવ્યુ હતુ.

આદશ આર્થિક સ્થિતિ માટે ૬૦ ટકા ક્રેડીટ-ડિપોઝીટ રેસિયો હોવો જરૂરી છે તેવુ આર.બી.આઈ. કહે છે.

કૃષિક્ષેત્રમાં, શિક્ષણક્ષેત્રમાં તેમજ અન્ય ક્ષેત્રના ધિરાણોના લક્ષ્યાંક સિદ્ધ થઈ શક્યા નથી.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં કૃષિક્ષેત્ર અને એમ.એસ.એમ.ઈ. સેક્ટરોમાં ધિરાણ વધુ કરવામાં આવશે

**જિલ્લાનો વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષ માટે રૂ. ૧૧,૩૩૨.૪૦ કરોડનો ધિરાણ પ્લાન જારી કરાયો**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લો આગામી દિવસોમાં એમ.એસ.એમ.ઈ.નું હબ બની ઉભરી આવશે. બેંકો દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માટેનો આજે ધિરાણ પ્લાન કલેક્ટર હિતેષ કોયા દ્વારા જારી કરવામાં આવ્યો છે. તેમાં એમ.એસ.એમ.ઈ. સેક્ટરના વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે.

કૃષિક્ષેત્ર એજ જિલ્લાની ઓળખ હતી પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી કૃષિક્ષેત્રે ફાજલ પડેલ શ્રમને હવે એમ.એસ.એમ.ઈ. સેક્ટર તરફ વાળવા પર ભાર મુકવામાં આવ્યો છે. એમ.એસ.એમ.ઈ. સેક્ટરમાં વધુ રોજગારી ઉત્પન્ન થતી હોય છે.

બેંકો દ્વારા આજે વર્ષ ૨૦૨૩-૨૪નો ધિરાણ પ્લાન રૂ. ૧૧,૩૩૨.૪૦ કરોડનો નિયત કરવામાં આવ્યો છે. ગત વર્ષની તુલનામાં આ વર્ષના ધિરાણ લક્ષ્યાંકમાં ૧૨.૭૦ ટકાનો વિક્રમી વધારો કરવામાં આવ્યો છે.

જિલ્લામાં ૧ લાખ ૩ હજારથી વધુ લાભાર્થીઓને ધિરાણ યોજના અંતર્ગત આવરી લેવાનું આયોજન છે. જિલ્લાની પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રમાં રૂ. ૫૩૭૭.૨૦ કરોડના ધિરાણ માટેની જોગવાઈ કરવામાં આવી છે.

જિલ્લામાં મધ્યમ, લઘુ અને નાના ઉદ્યોગોને રૂ. ૨૫૦ કરોડ રૂ.ના ધિરાણની જોગવાઈ કરવામાં આવ્યુ છે.

આ ધિરાણ પ્લાનમાં પ્રાથમિક ક્ષેત્રના ધિરાણની સાથે ગરીબી નિર્મૂલન તેમજ નબળા વર્ગોના ઉત્થાન પર પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે.

કૃષિક્ષેત્રમાં પણ ધિરાણ માટે સારો એવો હિસ્સો ફાળવવામાં આવ્યો છે.

જિલ્લા કલેક્ટરે આજે જારી કરેલા ધિરાણ પ્લાનની સાથે તેમણે બેંકો પણ ધિરાણના અભિગમને વધુ સરળ બનાવે તેમજ સર્વાંગી વિકાસને અગ્રતા આપે તેમ જણાવ્યુ હતુ.

જિલ્લામાં બેંકો તેમને ધિરાણ માટે ફાળવવામાં આવેલા લક્ષ્યાંકોની મર્યાદામાં ધિરાણ કરે તે જરૂરી હોવાનું જણાવતાં તેમણે કહ્યુ હતુ કે સર્વિસ સેક્ટર સહિતના સેક્ટરો પર એટલુ જ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે.

આ બેઠકમાં જિલ્લાના અધિકારીઓ, બેંકોના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## સેક્ટર-૬માં ખાનગી રિડીંગ લાયબ્રેરીના મકાનમાં આગ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં આજે સાંજે વરસાદે કરેલી તોફાની બેટીંગમાં મનપાના પ્રિ.મોન્સુન એક્શન પ્લાનના લીરેલીરા ઉડ્યા છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ અન્ડરબ્રીજોમાં પાણી ભરાવા ઉપરાંત શહેરના વિવિધ સેક્ટરોની હાલત પણ કફોડી થઈ ગઈ હતી.

સે. ૬માં અપનાબજાર સંકુલ નજીક આવેલ એક ખાનગી લાયબ્રેરીના બિલ્ડીંગમાં આગ લાગી હોવાની ઘટના સામે આવી છે. લાયબ્રેરીમાં રિડીંગ કરી રહેલા બાળકો ગભરાઈ ગયા હતા અને ધાબે જતા રહ્યા હતા. જો કે આ દરમ્યાન લોકોએ તેમજ ફાયરબ્રિગેડે આવી આગ કાબુમાં લઈ વિદ્યાર્થીઓનું સફળ રેસ્ક્યુ કર્યુ હતુ. આ આગ શોર્ટ સર્કિટથી લાગી હોવાનું અનુમાન છે.

ગાંધીનગર શહેરમાં બે કલાકમાં સવા ઈંચ કરતાં વધુ થયેલા વરસાદને પગલે સેક્ટરોની હાલત દયનીય થઈ જવા પામી છે. ઘ-રોડ પર તેમજ કોલેજ પાસે અન્ડરબ્રીજમાં પણ પાણી ભરાઈ જવા પામ્યા હતા.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com